**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૮ ટકા

# નવરાતમાં શણગાર સજવા થ્રેડેડ-ચોકર સેટ જવેલરીનો ક્રેઝ

## ઓકસોડાઈઝની જવેલરીની એલર્જીથી બચવા થ્રેડેડ જવેલરીની ડિમાન્ડ










ગાંધીનગર, તા.૧૫
નવરાત્રિને લઈને શહેરીજનો ઉત્સાહમાં છે. શહેરમાં ઠેર ઠેર નવરાત્રિ નિમિત્તેની જરૂરી ચીજવસ્તુઓ વેચાઈ રહી છે. ચણીયાચોળીથી લઈ જવેલરી, જાતજાતના દુપટ્ટા, ચાંદલા, મોજડી, વિવિધ પ્રકારની નથ ખરીદવા શહેરીજનો અને ખાસ યુવાનો તત્પર છે. જવેલરીમાં આ વર્ષે વિવિધ ડિઝાઈન સાથે મટીરીયલમાં પણ અલગ રીતના ઓર્નામેન્ટસ ઉપલબ્ધ છે. થ્રેડ, બીડસ, વુડન બીડસ વગેરેથી બનેલી હેન્ડમેડ જવેલરી હાલ ટ્રેન્ડમાં છે.

નવરાત્રિમાં કાંઈક નવું પહેરવાની ઈચ્છા સાથે ખેલૈયાઓ દર વર્ષે કાંઈક હટકે જવેલરીની શોધમાં રહે છે. ન્યુ ટ્રેન્ડ મુજબ ચાલવું તે આજના યુવાનો સાથે મોટાઓની પણ ઈચ્છા છે ત્યારે આ વર્ષે ખાસ નવરાત્રિમાં પાહેરાતી વજેલરીમાં પણ નવા ટ્રેન્ડ પ્રમાણે ફેરફાર થયા છે. આમ તો વર્ષોથી ઓકસોડાઈઝની જવેલરી ઓન ડીમાન્ડ જ રહી છે અને હાલ પણ રહેશે જ પરંતુ ઘણા ખરા ખેલૈયાઓને ઓકસોડાઈઝ કે મેટલની જવેલરીથી એલર્જી થવાનો ભય રહે છે તેમના માટે ખાસ કાપડથી બનેલી જવેલરી બજારમાં ઉપલબ્ધ છે. એમાં ખાસ ચોકર સેટ દરેકની પ્રથમ પસંદ છે જે પહેરવામાં સરળ અને ગળામાં ફીટ થઈ જાય છે. આ ઉપરાંત ખાલી થ્રેડથી બનેલા સેટ, બુટ્ટી અને વીંટી ટ્રેન્ડમાં છે. મીરર વર્ક સાથે કોડી અને મીનાકારી વર્ક સાથેની જવેલરી આ વર્ષે નવી છે.

હેન્ડમેડ વુડન બીડસ સાથે રમકડાના હાથી, ચકલી, પોપટ, મીરર અને ઉનના દોરાથી બનેલી બુટ્ટી, ટેસલની બુટ્ટી, થ્રેડવાળા ઝુમખા, મેટલવાળી, સ્ટોન ઉપર કુંદનવર્ક કરેલ, પેસ્ટલ બોલ ઉપર દોરાનું કામ કરેલી, પોમપોમ્સવાળી બુટ્ટી હાલ ટ્રેન્ડમાં છે તથા શહેરમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત જર્મન સિલ્વર, સિલ્વર સાથે પોટલી વાલા સેટ, કોડી સેટ, મોતી સેટ, પોમપોમ્સ સેટ, બુટ્ટા સેટ સાથે રંગબેરંગી દોરાથી ભરેલા સેટ હાલ ઈન ટ્રેન્ડમાં છે.



જલારામ મહિલા મંડળ દ્વારા મગોડી વૃધ્ધશ્રમના વૃધ્ધોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ નીતાબેન ધોકાઈ, મંત્રી ઉષાબેન જી. ઠકકર તથા વિદ્યાબેન ઠકકર અને ભાનુબેન ઠકકર દ્વારા વૃધ્ધોને મંડળ વતી થેપલા અને દહીં પીરસવામાં આવ્યું હતું.

# 'ઓઝોન દિન -૨૦૧૯'ની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૫
૧૬ સપ્ટેમ્બર ઓઝોન દિન તરીકે ઉજવાય છે. વાતાવરણમાં પૃથ્વીથી ૧૫ થી ૫૦ કિ.મી ના અંતરે આવેલ ઓઝોન પળમાં કેટલાક ODS રસાયણો ના કારણે પડતા ગાબડાથી પર્યાવરણને હાની થાય છે તે અંગે જાગૃતિ કેળવવા વિવિધ સંસ્થાઓ દ્વારા ઓઝોન દિનની ઉજવણી થાય છે.

'ઓઝોન પદનો ઘા બત્રીસ વર્ષે રૂઝી રહ્યો છે.' આ વિષય પર શહેરમાં ત્રણ સ્થળોએ ઉજવણીનો કાર્યક્રમ યોજાનાર છે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર અને ગુજકોસ્ટ ગાંધીનગરના ઉપક્રમે સવારે ૯:૦૦ કલાકે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના સહયોગથી જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે કલાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) ના ઉપક્રમે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે તથા ગાંધીનગર મહાનગર પાલિકાના ઉપક્રમે શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે બપોરે ૧૨:૩૦ કલાકે કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્લાસ્ટીક કચરાના વ્યવસ્થાપન વિષે વિશેષ માહિતી આપવામાં આવશે. આ તમામ સંસ્થાના અગ્રણીઓ અને મહાનુભાવો કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.

# નાના ભાઈને પરિવાર લેવા ગયો તે દરમિયાન ઘરમાં રહેલા દાગીનાની થયેલ ઉઠાંતરી

## સેકટર-૨૯ માં ખાનગી રહેણાંક વિસ્તારની ઘટના : ફરીયાદીએ શંકમંદોમાં પોતાની જ બહેન અને ભાણીયાના નામ નોંધાવ્યા

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર શહેરના સેકટર-૨૯ માં ખાનગી રહેણાંક વિસ્તારમાં ૫૫ તોલા સોનાના દાગીનાની ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવી છે. મક્કા-મદીનાથી પરત આવી રહેલા નાના ભાઈને પરિવારના સભ્યો લેવા માટે ગયા હતા તે સમયે ઘરમાં રહેલા દાગીનાની ઉઠાંતરી થવા પામી છે. ત્યારે ફરીયાદીએ શંકમંદોમાં પોતાની જ બહેન અને ભાણીયાના નામ નોંધાવ્યા છે. સેકટર-૨૧ પોલીસે ફરીયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૯ પ્લોટ નં.૫૪૮-૧ ખાતે રહેતા ચાંદમીયા ઈમામભાઈ શેખ (ઉં.વ.-૫૦) ગત તા. ૫ સપ્ટેમ્બરના રોજ તેમના નાના ભાઈ મક્કા મદીના થી પરત ફરી રહ્યા હતા. ત્યારે પરિવારના સભ્યો સાથે અમદાવાદ એરપોર્ટ પર તેઓને લેવા માટે ગયા હતા. આ સમયે તેઓ ઘરમાં રહેલી તિજોરીને લોક મારીને ગયા હતા. પરંતુ તેની ચાવી તિજોરીની બાજુમાં જ લટકાવી હતી. તેમના ઘરે માસી અને ભત્રીજા વહુ બંન્ને રસોઈ બનાવતા હતા. તા.૭ સપ્ટેમ્બરના રોજ અમદાવાદમાં કોઈ પ્રસંગમાં જવાનું હોવાથી તેઓએ તિજોરી ખોલી તો અંદર રહેલા રૂ.૧૬,૫૧,૫૦૦ ની કિંમતના ૫૫ તોલા સોનાના દાગીના ગાયબ હતા. જેમાં ૨ સોનાની ચેઈન, સોનાના ૭ નંગ પાટલા, ૨૫ નંગ સોનાની વીટી, ૫ નંગ ચુની, કાનમાં પહેરવાની કડીનો સમાવેશ થાય છે. જેને પગલે તેમને તા.૫મીએ ઘરે રહેલા માસી અને ભત્રીજા વહુ પણ શંકા ગઈ હતી. જેથી ફરીયાદીએ તેમને પુછતા તેમણે કહ્યું હતું કે દાગીના તેઓએ લીધા નથી, પરંતુ એરપોર્ટ ગયા ત્યારે ફરીયાદીની પેથાપુર સંજરી પાર્ક-૧ માં રહેતી બહેન રેહાના ચાંદમીયા મલેકનો પુત્ર વસીમ અને પુત્રીઓ મુસ્કાન તેમજ સુહાના રીક્ષા લઈને આવ્યા હતા. ૧૫ થી ૨૦ મીનીટ સુધી રોકાયેલા તેઓ શંકાસ્પદ રીતે ઘરમાં ફરતા હતા. જો કે સગા હોવાને પગલે તે સમયે તેમના પર કોઈએ શંકા કરી ન હતી. ફરીયાદી એરપોર્ટ ગયા ત્યારે તેમના બહેન રેહાના મલેક તેમની સાથે જ હતા. આ સમયે તેમના સંતાનોએ ઘણી વખત તેમને કેટલે પહોંચ્યા તે અંગે પુછપરછ કરતા હતા.જેથી ફરીયાદીએ પોતાના જ ભાણેજો પર શંકા જતા તેમણે તેઓને ચોરી અંગે પુછપરછ કરી હતી. પરંતુ તેઓ માન્યા ન હતા, જેને પગલે ફરીયાદીએ ત્રણેય ભાણેજ અને બહેન સામે જ પોલીસ ફરીયાદ નોંધાવવાની ફરજ પડી હતી. ત્યારે બનાવને પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



શહેરમાં એક તરફ રસ્તા પર અડિંગો જમાવતી ગાયોની સમસ્યા સતાવી રહી છે તેવામાં એક ગાયે જન્મ આપેલા વાછરડાંને કુતરાંઓ દ્વારા ઘાયલ કરવામાં આવ્યુ હતુ. જોકે આ વાછરડાંને સમયસર બચાવી મુક્તિધામ ખાતે લઈ જવાતા મુક્તિધામના સ્ટાફે તેની પ્રાથમિક સારવાર કરી તેને બચાવી લીધુ છે. આ વાછરડાંના આગળના બંને પગે કૂતરાના કરડવાથી ઈજા પહોંચી હતી જેની સારવાર અપાઈ રહી છે પરંતુ હવે આ વાછરડુ ભયમુક્ત સ્થિતિમાં છે.

# બાળકની ચંચળતાને મળી યોગ્ય દિશા, તો ફુટી નિકળ્યું પ્રતિભાનું ઝરણું

## ગાંધીનગરની ખાનગી શાળાના શિક્ષકના ૧ ૨ વર્ષીય બાળક 'કર્મને' આંતરરાષ્ટ્રીય ડ્રમર સ્પર્ધામાં ટોપ-પમાં સ્થાન મેળવ્યું

## બાળપણમાં હાઈપર એકિટવ લાગતા બાળકની પ્રતિભાને મા-બાપની માવજત મળતાં યશસ્વી કારકિર્દીનો રસ્તો ખુલ્યો




ગાંધીનગર, તા.૧૫
આજના યુગમાં અનેક મા-બાપની એક ફરિયાદ જોવા મળે છે કે 'મારૂ બાળક ખૂબ ચંચળ અને તોફાની છે, તેને કેવી રીતે શાંત પાડવું' જો કે એક તરફ આપણે સતત એવું પણ સાંભળતા આવ્યા છીએ કે 'બાળક તો કુમળા છોડ સમાન હોય છે, એને જેમ વાળો તેમ વળી જાય.' આ બંને બાબત ગાંધીનગરની ખાનગી સ્કૂલ કુડાસણની સ્કૂલ ઓફ એચિવરમાં અને સેકટર-૧૬માં ચેમ્પ્સ એકેડેમીમાં ફરજ બજાવતા શિક્ષકના માત્ર ૧૨ વર્ષીય પુત્ર કર્મન સોનીએ યથાર્થ ઠેરવી છે. બાળપણમાં જેની 'હાઈપર એકિટવ' છે તેવી મા-બાપને ફરિયાદ હતી તેવા કર્મનની શકિતને મા-બાપે ઓળખી તેને યોગ્ય દિશા આપી જેના કારણે આજે કુમળી વયે કર્મને સિંગાપોર ખાતે તાજેતરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ડ્રમ કોમ્પિટીશન 'ડ્રમ ઓફ ગ્લોબલ-૨૦૧૯'માં ભારતભરમાંથી એક માત્ર સ્પર્ધક તરીકે પસંદગી પામી ટોપ ફાઈવમાં સ્થાન પ્રાપ્ત કરી દેશનું નામ રોશન કર્યું છે.

ગાંધીનગરથી નજીકના અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતો કર્મન નાનપણથી ભણવામાં તો હોંશિયાર હતો અને સાથે સાથે એટલો 'ચંચળ' હતો કે તેને નિયંત્રિત કરવામાં મા-બાપનો નાકે દમ આવી જતો હતો. જો કે પિતા કંદર્પ સોની અને માતા જીનલ સોની બંનેએ તેમના બાળકની આ ચંચળતાને સમજવા પ્રયાસ કર્યો જેમાંથી તેમને કર્મનની તોફાન-મસ્તીના આવરણ પાછળ છુપાયેલી પ્રતિભાનું અસ્ખલિત વહેતું નિર્મલ ઝરણું મળી આવ્યું હતું. તેઓ જે વિસ્તારમાં રહે છે ત્યાંની દિલ્હી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતા કર્મનની નોટસમાં શિક્ષકોની એક ફરિયાદ વારંવાર આવતી હતી કે તે ચાલુ કલાસે બેન્ચ થપથપાવ્યા કરે છે, વળી જયારે પણ માતા-પિતા તેને કોઈ લગ્નપ્રસંગની સંગીત સંધ્યા કે અન્ય કોઈ સંગીતના કાર્યક્રમમાં સાથે લઈને જતા ત્યારે કર્મન ઓરકેસ્ટ્રામાં ડ્રમ વગાડનાર ડ્રમર પાસે જઈને ઉભો રહી જતો અને તેને વગાડતા સતત જોયા કરતો હતો. અરે ઘરમાં કોઈ પ્રસંગ હોય તો પણ કર્મન ઢોલી સાથે ઘરોબો કેળવી લેતો અને ઢોલ વગાડવા દેવા વિનવણીઓ કરતો આ ઘટનાઓ પરથી તેના મા-બાપને લાગ્યું કે તેને સંગીત બહુ ગમે છે તેથી મ્યુઝિકના કોચીંગ કલાસ શરૂ કરાવ્યા અને બસ પછી તો કર્મનને પાંખો મળી ગઈ હોય તેમ ડ્રમ-તબલાનાં તાલે રીધમના આકાશમાં તે ઉડવા લાગ્યો. પિતા કંદર્પ સોની તો નોકરી અર્થે દરરોજ ગાંધીનગર આવે અને માતા જીનલ સોની જેઓ ફેશન ડિઝાઈનીંગનું કામ કરતા હતા તેમણે કર્મનની શાળા અને સંગીતના કલાસીસ વચ્ચે કર્મનને લેવા મુકવાની દોડાદોડ કરવી જરૂરી લાગતા પોતાના વ્યવસાયને તિલાંજલિ આપી દીધી. બીજી તરફ કર્મનને મનગમતી પ્રવૃત્તિ શીખવા મળતા તેની ચંચળતા અન્ય બાબતોમાંથી ઓછી થવા લાગી. મા-બાપે તેને સારા ટ્રેનર પાસે ટ્રેનિંગ અપાવવાનું શરૂ કર્યું અને સાથે સાથે અમદાવાદ-ગાંધીનગર વગેરે ખાતે યોજાતી સ્પર્ધાઓ, શાળાના વાર્ષિકોત્સવ વગેરેમાં ભાગ લેવાનું પણ શરૂ કરાવ્યું જેમાં કર્મન એક પછી એક ઈનામો જીતતો ગયો અને અઢળક પ્રસંશા પામતો ગયો. તેની પ્રતિભા એવી તો ઝળકી કે તેની શાળાના વાર્ષિકોત્સવ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેનું ડ્રમ વગાડવું નિશ્ચિત જ કરી દેવામાં આવ્યું છે.

કર્મન ડ્રમ વગાડવા સાથે અભ્યાસમાં પણ સારી રૂચિ કેળવી રાખતો હતો જેના કારણે સપ્તાહમાં એક દિવસ ગાંધીનગર ચેમ્પ્સ એકેડેમીમાં ફાઉન્ડેશન કોર્સ માટે પણ નિયમિત આવે છે આમ છતાં પોતાની શાળા, ડ્રમ કલાસ અને અન્ય કોચીંગ કલાસ વગેરેનું ટાઈમીંગ શિડયુલ પોતે જ સારી રીતે મેનેજ કરી લે છે. ધીમે ધીમે કર્મને જિલ્લા અને રાજય કક્ષાની સ્પર્ધાઓમાં પણ ભાગ લઈ મોટે ભાગે પ્રથમ સ્થાને મેડલ્સ જીત્યા બાદ મે ૨૦૧૮માં તેણે અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘની પૂણે ખાતે યોજાયેલી સ્પર્ધામાં ભાગ લઈ તેની ૮ થી ૧૨ વર્ષની કેટેગરીમાં દેશભરમાંથી આવેલા ૨૯૦ સ્પર્ધકો વચ્ચે રીધમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પછી તેણે નવેમ્બરમાં 'હિડન આઈડોલ' સ્પર્ધામાં ઓપન કેટેગરીમાં ભાગ લઈ મ્યુઝીક વિભાગમાં દેશભરમાં ડ્રમર તરીકે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેની ખિલતી પ્રતિભા જોઈ મા બાપે મુંબઈના નિષ્ણાંતો પાસે પણે તેને તાલીમ અપાવી અને ટ્રિનિટી કોલેજ ઓફ લંડનની 'ડ્રમ્સ' એકઝામમાં જેમાં આંતરરાષ્ટ્રીય ડ્રમ નિષ્ણાંતો વ્યકિતગત પરીક્ષા લેતા હોય છે તે અપાવી જેમાં કર્મન ગ્રેડ-૨માં અને છેલ્લે ગ્રેડ-પમાં પણ પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયો હતો. હજુ આ સ્કૂલમાંથી તેનો ડિપ્લોમા કોર્સ ચાલુ છે અને તેમાંથી ડ્રમ સેકશનમાં પીએચડી કરવાનું કર્મનનું સપનું છે. આ બધી પ્રવૃત્તિઓ સાથે કર્મન અલગ અલગ બેન્ડમાં જોડાઈને નવરાત્રિ, અન્ય સ્કૂલના વાર્ષિકોત્સવ કે અન્ય કાર્યક્રમોમાં પણ નિયમિત ડ્રમ વગાડવા જવા લાગ્યો તેમજ ઘણા બધા વિડિયો આલ્બમ્સમાં તે ડ્રમ વગાડી ચુકયો છે. કર્મનની ખાસિયત એ છે કે તે એવો ડ્રમર છે જે તબલાંના તાલ પણ ડ્રમ પર વગાડી શકે છે. કર્મનની સિધ્ધિઓના આધારે દૂરદર્શનની ગિરનાર ચેનલ પર 'પતંગિયાની પાંખે' શ્રેણીમાં તેનો એક વિશેષ એપિસોડ પણ પ્રસારિત થઈ ચુકયો છે.





સિંગાપોર ખાતે યોજાયેલી 'ડ્રમ્સ ઓફ ગ્લોબલ-૨૦૧૯'માં ઓસ્ટ્રેલિયા, ચીન, યુકે, યુએસ, જાપાન સહિતના અનેક દેશોમાંથી તેની ૮ થી ૧૨ વર્ષની જુનિયર કેટેગરીમાં ૫૦ જેટલા સ્પર્ધક પોતાના કોચ સાથે આવ્યા હતા જયારે કર્મન તમામ કેટેગરીના સ્પર્ધકોમાં એક માત્ર ભારતીય સ્પર્ધક તરીકે હોવા સાથે કોચના બદલે માતા પિતા સાથે ભાગ લેવા પહોંચ્યો હતો. આ સ્પર્ધામાં સેમીફાઈનલમાં ૧૩ ડ્રમર અને તેમાંથી ગ્રીન્ડ ફાઈનલ માટે ૮ સ્પર્ધક પસંદગી પામતા હતા આ ટોપ-૮માંથી છેલ્લે જાહેર થયેલા ટોપ ફાઈવમાં કર્મન પસંદગી પામતા મા-બાપના હર્ષનો પાર રહ્યો નહોતો. આ સ્પર્ધામાં સૌને આશ્ચર્ય એ વાતનું હતું કે જેના ખાનદાનમાં કોઈનો સંગીત ક્ષેત્રે વારસો ના હોવા છતાં તે પરિવારનું બાળક માત્ર તેની લગન અને મા-બાપની યોગ્ય માવજતના કારણે આટલી સફળતાને પામ્યું છે અને હજુ તો તેની પ્રતિભા તેની સુવર્ણ કારકિર્દીનો ઈંતઝાર કરી રહી છે.

- પ્રતિભાવ આવકાર્ય :
samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

- ડ્રીમગર્લ
૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
- સેકશન ૩૭૫
૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
- બાદશાહ પહેલવાન
૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
- હંગામા હાઉસ (ગુજરાતી)
૫.૧૫
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૧૧.૩૫
- છીછોરે
૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
- સાહો
૧૨.૨૦, ૩.૫૫
- મિશન મંગલ
૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

- ડ્રીમગર્લ
૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
- સેકશન ૩૭૫
૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
- બાદશાહ પહેલવાન
૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૬.૫૦
- છીછોરે
૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
- સાહો
૧૨.૨૫, ૭.૦૫
- મિશન મંગલ
૨.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

- સેકશન ૩૭૫
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
- સાહો
૧૨.૫૫
- બાદશાહ પહેલવાન
૧.૧૦, ૭.૧૦
- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦

**સિટી પલ્સ, કુડાસણ**

- ડ્રીમગર્લ
૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
- છીછોરે
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
- સેકશન ૩૭૫
૧૦.૦૦, ૧૨.૪૫
- સાહો
૩.૦૦, ૯.૩૦
- પહેલવાન
૬.૩૦
- ચાલ જીવી લઈએ
૧૧.૪૫
- ચાસની (ગુજરાતી)
૨.૧૫
- મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૫.૦૦
- મિશન મંગલ
૭.૩૦

## અવસાન નોંધ/બેસણું

- પોપટલાલ મોહનલાલ ભાવસાર તા. ૧૨-૯-૨૦૧૯ના રોજ અક્ષરનિવાસી થયા છે. સદગતનું બેસણું તા. ૧૬-૯-૨૦૧૯ના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન ભક્તિમાતા ભવન હોલ, સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ ખાતે રાખવામાં આવ્યું છે.

## આજે ગાંધીનગરમાં

- કૌશલ્યા કલબ દ્વારા બપોરે ૨ થી ૫ દરમિયાન ગ્રીન ડ્રેસ કોડ સાથે સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે મહિલાઓના સ્વાસ્થ્ય અને કુકીંગ સંદર્ભે કાર્યક્રમ યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. વદનકુમાર હરીલાલ ગોહેલ, ઉ.વ. ૬૧
- સ્વ. વાઘેલા ભીખાભાઈ મોહનભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. કિર્તિશ મહેશચંદ્ર પંડયા, ઉ.વ. ૪૨
- સ્વ. પટેલ મરઘાભાઈ તળસીભાઈ, ઉ.વ. ૭૯
- સ્વ. ઠાકોર વિરમજી વિક્રમજી, ઉ.વ. ૧૮